**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૪ ટકા

# સફાઈ કર્મચારીના મકાનમાંથી ૬૩ હજારની ચોરી

## પોલીસ ચોકી મૂકી એ જ સે-૪માં તસ્કરોએ મકાનનું તાળુ તોડી પોલીસનું નાક વાઢી નાખ્યું



ગાંધીનગર, તા.૨૨

પાટનગરમાં તથા શહેરની આસપાસના વિસ્તારોમાં મકાનના તાળા તોડી ઘરફોડ ચોરી કરતી તસ્કર ટોળકીઓએ પોલીસને નાકે દમ લાવી દીધો છે. એક તરફ તસ્કરોના ડરથી નગરજનો ભયભીત થઈ ગયા છે અને પોતાની માલ મિલકતની સલામતી અંગે સવાલો કરી રહ્યા છે. તો બીજી તરફ પોલીસના તમામ એકશન પ્લાનના તસ્કરોએ કપડા ઉતારી નાંખ્યા છે. તાજેતરમાં પોલીસ અધિક્ષકે અલગ-અલગ વિસ્તારોમાં પોલીસ ચોકી ઉભી કરી ગુનાઓ અટકાવવા પ્રયત્નો કર્યા છે ત્યારે પોલીસ ચોકી મૂકી એ પૈકીનાં જ એક વિસ્તાર સેક્ટર-૪ માં રાત્રી દરમિયાન તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. બંધ મકાનનો નકુચો તોડી તસ્કરોએ મકાન માલિક સફાઈ કર્મચારીના મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી ૬૩ હજારની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સે.૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર સેકટર-૪-સી પ્લોટ નંબર ૭૯૪/૧ ખાતે રહેતા અને મહાનગર પાલિકામાં સફાઈ કર્મચારી તરીકે ફરજ બજાવતા પ્રભુભાઈ પોપટભાઈ વાઘેલા ગઈકાલે રાત્રે દરમિયાન પોતાના પરિવાર સાથે ધાબે સુઈ ગયા હતા તે દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનને ટાર્ગેટ કરી અંદરથી દાગીના અને રોકડ જે હાથ લાગ્યું તે ઉઠાવી રફુચક્કર થઈ ગયા હતા. બંધ મકાનનો નકુચો તોડી અંદર ઘૂસેલા તસ્કરો એક તોલાના સોનાના દાગીના તથા એક કિલો ચાંદીના દાગીના ઉપરાંત અંદાજે ૩૦૦૦ રૂપિયા રોકડ મળી કુલ રૂ. ૬૩,૦૦૦ની મતા ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સવારે ઊઠીને પરિવારના સભ્યો નીચે ઉતર્યા ત્યારે ઘરના દરવાજાનો નકુચો તૂટેલો હતો. આ મામલે મકાન માલિકે પોલીસ ફરિયાદ કરવા માટે પોલીસ બોલાવી તો પોલીસે કહી દીધું કે અમે બે દિવસમાં ચોરો પકડી પાડીશુ પછી તમે ફરિયાદ આપજો... પેટ્રોલિંગમાં પોતાની નબળાઈ છતી ન થઈ જાય તે માટે પોલીસે આ નવા પ્રકારનો અપનાવ્યો હતો. આખરે આ બાબત ઉપરી અધિકારીઓ સુધી પહોંચતા સાંજે મકાનમાલિકને પોલીસ સ્ટેશન બોલાવી તમને ફરિયાદ લઈ સેક્ટર-૭ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

## બીસીએ કોલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે સત્કાર સમારોહ યોજાયો




ગાંધીનગર, તા.૨૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના પ્રથમ વર્ષમાં મેળવેલ સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓનો સ્વાગત સમારોહ અને ઓરિએન્ટેશન પ્રોગ્રામ બ્રહ્માણી કૃપા હોલમાં યોજાઈ ગયો. જીવનમાં આગળ વધવા માટે અને સફળતાની સીડીઓ સર કરવા માટે જયારે તેઓએ કોમ્પ્યુટર ક્ષેત્ર પસંદ કરેલ છે ત્યારે અત્યારથી જ તેઓ તેમના અભ્યાસની સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મૂલ્યો અને સંસ્કારોનું જતન કરે તેવા એક સંદેશ સાથે કોલેજ પરિવાર વતી તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સી.એમ બંદોબસ્તમાં તૈનાત ત્રણ બેદરકાર પોલીસ કર્મચારીઓ સસ્પેન્ડ

## મુખ્યમંત્રીનો કાફલો ઇન્દ્રોડા સર્કલથી વટી ગયો તેમ છતાં આ પોઇન્ટ ઉપર તૈનાત ત્રણેય પોલીસ કર્મચારીઓ ગાડીમાં બેસી રહ્યા હતા : એએસઆઇ સહિત ત્રણેય પોલીસ કર્મીઓને ઇન્ચાર્જ એસપીએ સસ્પેન્ડ કર્યા

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રીના રોડ બંદોબસ્તમાં તૈનાત ત્રણ પોલીસ કર્મચારીઓ મુખ્યમંત્રી કાફલો પોતાના પોઈન્ટ ઈન્દ્રોડા સર્કલથી નીકળી ગયો હોવા છતાં ત્રણેય બેદરકાર પોલીસ કર્મચારીઓ પોતાની ગાડીમાં બેસી રહ્યા હોવાનું ધ્યાને આવતા મુખ્યમંત્રીની સુરક્ષાને લગતા આ મુદ્દાને ગંભીરતાથી લઈ ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ એસપી વિજય પટેલે તાત્કાલિક અસર ત્રણેય પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવાનો હુકમ જારી કર્યો છે. ફરજ પર બેદરકારીમાં સસ્પેન્ડ થયેલા ત્રણ પોલીસ કર્મચારીઓ પૈકી એક સેકટર-૭ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ અને બે ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ છે. ત્રણેયને સસ્પેન્ડ કરીને તેમના સામે ઈન્કવાયરી શરૂ કરવામાં આવી છે.

મળતી વિગત મુજબ ગઈકાલે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમના કાફલા સાથે અમદાવાદ ગયા હતા અને બપોરના અરસામાં તેઓ અમદાવાદથી ગાંધીનગર પરત આવી રહ્યા હતા ત્યારે તેમનો કાફલો ઈન્દ્રોડા સર્કલ ક્રોસ કરી ગયો હોવા છતાં ઈન્દ્રોડા સર્કલ પર સી.એમ. બંદોબસ્તમાં આ પોઈન્ટ ઉપર તૈનાત ત્રણે પોલીસ કર્મચારીઓ તેમના પોઈન્ટ ઉપર હાજર ન હતા. રાજયના મુખ્યમંત્રીની સુરક્ષા અર્થે બંદોબસ્તમાં મૂકવામાં આવેલા બંદોબસ્તમાં આ પોઈન્ટ પરના ત્રણ પોલીસ કર્મચારીઓ ક્યાં ગાયબ થઈ ગયા હતા તે બાબતને ઈન્ચાર્જ એસપી વિજય પટેલે ગંભીરતાથી લઈ ઈન્દ્રોડા સર્કલના સીસીટીવી સર્વેલન્સના ફૂટેજ મેળવ્યા હતા. જેમાં ત્રણેય બેદરકાર પોલીસ કર્મચારીઓ મુખ્યમંત્રીનો કાફલો તેમના પાસેથી પસાર થઈ ગયો હોવા છતાં પણ એક ગાડીમાં બેસી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. ઈન્ચાર્જ એસપી વિજય પટેલે બે ટ્રાફિકશાખાના અને એક સેકટર-૭ પોલીસ સ્ટેશનના એમ મળીને ત્રણેય પોલીસ કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા હોવાનું જાણવા મળ્યું છે. ઈન્દ્રોડા સર્કલ પાસેના પોઈન્ટ પર તૈનાત ત્રણ બેદરકાર પોલીસ કર્મચારીઓ સેકટર-૭ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ જયંતીભાઈ મૂળજીભાઈ, ટ્રાફિકશાખાના હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ જશવંતસિંહ અને ટ્રાફિક શાખાના કોન્સ્ટેબલ જાયમલભાઈ મુળાભાઈ ત્રણેયને સસ્પેન્ડ કરી તેમના વિરૂધ્ધમાં ઈન્કવાયરી સોંપી કડક કાર્યવાહી હાથ ધરી છે.

## @ગાંધીનગર

● વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો સે-૨૮ દત્ત મંદિર ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ નિમિત્તે શહીદ વીર સૈનિકના પરિવાર સન્માન કાર્યક્રમ સાંજે ૭.૧૦ કલાકે ગાંધીનગર હાઈસ્કુલ કોબા ખાતે યોજાશે.

● સંત રોહિદાસ કો.ઓ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા બપોરે ૩ કલાકે સે-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● આર્ષ શોધ સંસ્થાન દ્વારા સુખની ચાવી સહિષ્ણુતા વિષય પર પ્રવચનનું આયોજન સાંજે ૪.૩૦ થી ૭ કલાક દરમિયાન હરીમંદિર અક્ષરધામ ખાતે કરવામાં આવ્યું છે.

# શેઠ પાસેથી મજૂરીના રૂપિયા લઈને બેંકમાં ભરવા જતો શ્રમિક લુંટાયો

## ગણતરીના કલાકોમાં જ અડાલજ પોલીસે લૂંટારૂને લૂંટમાં વપરાયેલી ઈકો કાર સાથે દબોચી લીધો

ગાંધીનગર, તા.૨૨

બાંધકામ સાઈટો ઉપર સેન્ટીંગનું મજુરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો મજૂર બુધવારે બપોરે પોતાના શેઠ પાસેથી મજૂરીના રૂપિયા ૧૦,૦૦૦ લઈને અડાલજ ખાતેની તેની બેંકમાં પોતાના ખાતામાં રૂપિયા જમા કરાવવા જઈ રહ્યો હતો ત્યારે અડાલજ કેનાલ પાસે ઈકો ગાડી લઈને આવેલા લુંટારૂ શખ્સે મજૂરને ઉભો રખાવી તેના પાકીટમાં પડેલા રૂપિયા ૧૦,૦૦૦ લૂંટી લીધા હતા અને ઈકો ગાડી લઈને ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો. અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી આ ફરિયાદને અનુસંધાને પોલીસે ગણતરીના કલાકોમાં લુંટારૂને પકડી પાડી તેની ઈકો ગાડી જપ્ત કારી લઈ લુંટમાં ગયેલા મજુરનાં રૂપિયા ૧૦,૦૦૦ રિકવર કરી ઊંડી પૂછપરછ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ મુળ બિહારનો અને હાલ અમદાવાદના મોટેરા સર્કલ નજીક રહેતો યુવાન મુન્નાભાઈ શેખ અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષથી અલગ અલગ જગ્યાએ સેન્ટીંગનું કામકાજ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. બુધવારે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં આ શ્રમિક યુવાન મુન્નાભાઈ ઝુંડાલ ખાતે તેના શેઠ કાનજીભાઈને ત્યાં ગયો હતો અને મજૂરીના રૂપિયા ૧૦,૦૦૦ લઈ અડાલજ બેંક ઓફ બરોડા માં પોતાના ખાતામાં આ રૂપિયા જમા કરાવવા જઈ રહ્યો હતો. શ્રમિક યુવાન ચાલતાં ચાલતાં નર્મદા કેનાલ પસાર કર્યા તરફ જઈ રહ્યો હતો ત્યારે નર્મદા



પુલ ઉતરતા જ એક સિલ્વર કલરની ઈકો ગાડી માં આવેલો શખ્સ તેની પાસે ઉભો રહી ગયો હતો અને કહેવા લાગ્યો હતો કે 'તું ગલત ઈન્શાન હૈ કહા જા રહા હૈ તેરા આઈડી દિખા'.. મુન્નાએ તેનુ ઈલેક્શન કાર્ડ બતાવ્યું તો કહ્યું કે 'યે ગલત હૈ તુ અપના પર્સ દિખા'.. મુન્ના એ તેના મજૂરીના ૧૦૦૦૦ રૂપિયા પર્સમાંથી કાઢીને પર્સ બતાવવા આપ્યું. તેટલામાં તે શખ્સે મુન્નાના હાથમાંથી રૂપિયા ૧૦,૦૦૦ આંચકી લઈ લૂંટ કરીને ઈકો કારમાં રફુચક્કર થઈ ગયો હતો. ઈકો ગાડીનો નંબર ૫૯૬૬ મુન્ના ને યાદ રહી ગયો હતો પરંતુ આગળની સિરીઝ યાદ ન હતી. મુન્નાએ શેઠને આ વાત કરીને અડાલજ પોલીસ સ્ટેશન જઈ આ મામલે ફરિયાદ નોંધાવી હતી. અડાલજ પીઆઈ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમની ડી સ્ટાફની ટીમ આ ગુનાનો ભેદ ઉકેલવા સક્રિય થઈ ગઈ હતી. દરમિયાન પી.એસ.આઈ એ.જી.એનુરકાર તથા તેમની ટીમના હે.કો કેવલસિંહ, અમૃતભાઈ, પ્રકાશભાઈ, રામેશ્વર તથા કોન્સ્ટેબલ મનીષસિંહ અને આશિષસિંહની ટીમે લૂંટમાં વપરાયેલી ઈકો ગાડી નંબર જીજે ૧ કે.ક્યુ ૫૯૬૬ સાથે આરોપીને દબોચી લીધો છે. મહેસાણા જિલ્લાના કડી તાલુકાના રાજપુર ગામે રહેતા ઈસ્માઈલસા જમાલસા ફકીર નામના શખ્સને ગણતરીના કલાકોમાં પકડી પાડી લૂંટમા ગયેલા રૂ.૧૦૦૦૦ રિકવર કરી લૂંટમાં વપરાયેલી ઈકો ગાડી જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ટાઈપ રાઈટરનો જન્મદિન મનાવાયો

ગાંધીનગર, તા.૨૨

કોમ્પ્યુટર અને મોબાઈલ વોટસએપ જેવી ઝડપી અને અદ્યતન સેવાઓએ જયારે સમાજ પર ભરડો લીધો છે ત્યારે કોમ્પ્યુટરની માસી અને તેના પૂર્વજો સમા ટાઈપરાઈટરનો ખડાખટ અવાજ હજુ પણ ગુંજતો રહે છે અને કોર્ટ કચેરીમાં જરૂરીયાતમંદ માટે આશીર્વાદ રૂપ પણ સાબિત થઈ રહ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ટાઈપરાઈટરના જન્મદિનની ઉજવણી કરાઈ હતી. સૌ પોતાના બાળકોના માતા-પિતાનો જન્મદિન તો ઉજવે છે પરંતુ આવી જૂની શોધને યાદ રાખી જન્મદિન ઉજવે તેજ ખરા અર્થમાં આજની નવી પેઢીને રાહ ચીંધનાર બની રહે છે.

સન ૧૮૬૭માં ક્રિસટોફર લાથમ શોલેસ દ્વારા ટાઈપરાઈટરની શોધ નોંધાયાની તવારીખ છે. ૧૮૭૩માં આ માટે રેમીગટન આર્મ્સ કંપની દ્વારા તેને બજારમાં મુકવામાં આવ્યું હતું તે પહેલા રાઈટીંગ મશીન તરીકે સન ૧૭૧૪માં ઈંગ્લેન્ડમાં હેનરી મિલ દ્વારા એક પેટન્ટની નોંધણી થઈ હતી. યાંત્રિક અને વિદ્યુત ચુંબકીય પધ્ધતિથી બનાવેલ આ મશીનમાં ચાવીઓની હારમાળા હતી અને તેને દબાવવાથી કાગળ પર તે અક્ષરની છાપ ઉપસતી હતી. ૨૦મી સદીમાં તમામ કચેરીઓ-ધંધાદારી લેખકો માટે આ મશીન અનિવાર્ય બની ગયું હતું. આજે પણ ગાંધીનગર સહિતની કોર્ટ કચેરીમાં ૨૪૦ જેટલા ટાઈપ રાઈટર મશીનો સાથે લોકો ટાઈપના વ્યવસાયમાં રોજી મેળવી રહ્યા છે. ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ સહિતના હોદ્દેદારોએ આજે આ ટાઈપ રાઈટર મશીનનો જન્મદિન મનાવ્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. જયાબેન જશવંતસિંહ વાઘેલા, ઉ.વ. ૮૦
- સ્વ. પ્રજાપતિ મેલાભાઈ પોપટભાઈ, ઉ.વ. ૭૧
- સ્વ. ચૌહાણ સમુબા રવાજી, ઉ.વ. ૭૦
- સ્વ. ત્રિવેદી કનૈયાલાલ હિરાલાલ, ઉ.વ. ૭૬

# શહેરમાં ચોથા વિશ્વ યોગ દિવસની ઠેર ઠેર ઉજવણી



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે વિશ્વ યોગ દિવસ તેમજ સંગીત દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ સમારોહમાં શાળા પરિવારના વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, આચાર્ય તેમજ ડાયરેકટર પણ ખાસ યોગ દિવસ નિમિતે યોગ કરી માનસિક અને શારીરીક સ્વસ્થતા-શાંતિના મુળ એવા યોગ તેમજ સંગીતની વધુ સરાહના કરી હતી. આજના આ વિશેષ દિનને રોજ વિશેષ બનાવી શકાય તેવી પ્રેરણા પુરી પાડી હતી.

●●●

આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ દળના ૧૧ હોમગાર્ડઝ યુનિટોની તમામ કચેરીઓ ખાતે તેમજ ગાંધીનગર શહેર સ્વર્ણિમ પાર્ક ખાતે ગૃહમંત્રીની ઉપસ્થિતિમાં યોગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લામાંથી ૧૧૫૫ હોમગાર્ડઝ અધિકારીઓએ-સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




વિશ્વ યોગ દિવસ નિમિતે મધુર ડેરી ખાતે યોગ શિબિરનું આયોજન

કરાયું હતું. જેમા ડેરી ખાતે સવારે ૬ થી ૭.૩૦ કલાક સુધી વિવિધ યોગ આસનો દ્વારા શરીર અને મનની તંદુરસ્તી માટે નિયમિત યોગ પ્રાણાયામ કરવાની શરુઆત કરી હતી. આ યોગ શિબિરમાં ડેરીનાવ ચેરમેન શંકરસિંહ રાણા તેમજ ગાંધીનગર જિલ્લા રજીસ્ટ્રાર શ્વેતાબેન પટેલે પણ પ્રાણાયામ કસરતમાં ભાગ લીધો હતો. છેલ્લા ત્રણ વર્ષથી ડેરીના કર્મચારીઓને યોગ અને પ્રાણાયામ શીખવી તંદુરસ્તીના પાઠ શીખવવામાં આવે છે. આગામી સમયમાં મધુર ડેરી દ્વારા યોગ અને પ્રાણાયામના કલાસ પણ શરુ કરાશે.




ગુજરાત વિદ્યાપીઠ એનએસએસ યુનિટ સાદરા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. આ યોગ ઉત્સવમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કુલ ૭૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર જોડાઈને યોગ કર્યા હતા. આ પ્રસંગે રીજીનલ ડાયરેકટર એનએસએસ કમલકુમાર કર, ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી, સાદરાના સરપંચ ભાલુભાઈ દેસાઈ, ડીન ડો. પી.એમ.કસુંદ્રા, એનએસએસ કોડીનેટર ડો.અરુણભાઈ ગાંધી, આચાર્ય રંજનબેન પટેલ, ડો.કનુભાઈ વસાવા,ડો. નિરજ સીલાવત અને સાદરા ગામના તલાટી હાજર રહ્યા હતા.



વિશ્વ યોગ દિવસ નિમિતે સેકટર-૨૭ ગાયત્રી પરિવાર અને મહિલા મંડળ દ્વારા યોગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાયત્રી પરિવારના જશુબેન ઠક્કર દ્વારા સે-૨૭ ની મહિલા મંડળની બહેનોને યોગ શીખવવામાં આવ્યા હતા.



ગાંધીનગર શહેરના સેકટર-૨૨ સ્થિત શ્રેયસ સોસાયટી ખાતે આવેલ ગાર્ડનમાં મહિલાઓ દ્વારા વિવિધ યોગ કરીને યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટ પ્રિતિબેન દવે અને મહિલાઓ મોટી સંખ્યામાં જોડાઈ હતી.



ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી ગાંધીનગર કચેરી ખાતે કરવામાં આવી હતી. આ યોગ દિવસની ઉજવણીમાં જિલ્લા ક્ષય અધિકારી ડો.મીનાબેન ચૌહાણ, સ્ટાફના કર્મચારી ભાઈ બહેનો સહિત દર્દીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ડો. મીનાબેન ચૌહાણે ઉપસ્થિત સૌને યોગના ફાયદા ગણાવ્યા હતા.



## દાંડી કુટીર ખાતે યોગની ઉજવણી

વિશ્વ યોગ દિવસની ઉજવણી શહેરના મહાત્મા મંદિર દાંડી કુટીર ખાતે સ્ટાફના કર્મચારીઓ દ્વારા યોગ-પ્રાણાયામ કરીને કરી હતી. આ યોગ દિવસમાં ૩૦ કર્મચારી ભાઈ બહેનો તેમજ સે-૧૪ ના વસાહતીઓ પણ જોડાયા હતા.



યોગ એ ભારતીય સનાતન ઋષિ પરંપરા દ્વારા માનવ કલ્યાણ અર્થે વિશ્વને અપાયેલી અમૂલ્ય ભેટ છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગરમાં ૨૧ જૂન, ૨૦૧૮ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી. જેમાં તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીગણે શ્રી પુખરાજસિંહ રાજપુરોહિતના માર્ગદર્શન હેઠળ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનનો સઘન અભ્યાસ કયો હતો.

## અડાલજ માણેકબા ફિઝીકલ કોલેજમાં વિશ્વ યોગ દિનની ઉજવણી

અડાલજ સ્થિત માણેકબા ફિઝીકલ કોલેજ ખાતે વિશ્વ યોગ દિનની ઉજવણી કરાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સંસ્થાના વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિશ્વ યોગ દિને સંસ્થા ખાતે આદર્શ નમૂના સાથે આસનો અને યોગ કરાવવામાં આવ્યા હતા. ઉપરાંત કોલેજના અધ્યાપક આર.એસ. પટેલે સ્વસ્થ મન માટે યોગ-આસનો-વ્યાયામ અને રમતગમત ખૂબ જરુરી છે તેમ જણાવી આજના જમાનામાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે તન અને મનથી પણ તંદુરસ્ત હોવું જરુરી છે તેમ જણાવ્યું હતું.